

## ધ્યાન થકી જ્ઞાન દીપક ! પ્રજ્વલન આત્મ સાધના

**આ જગત આખું ક્ષણિક છે ને આત્મા એક નિત્ય છે.**

**આત્માનો અનુભવ બસ એક માત્ર નિત્ય છે.**

ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્મા અનાદિ અનંત શુદ્ધ ચૈતન્ય માત્ર છે, જ્ઞાન માત્ર છે. હું શુદ્ધ ચૈતન્ય માત્ર, જ્ઞાન માત્ર, ભગવાન આત્મા છું. ત્રણ લોકના કોઈ પણ પ્રદેશ ઉપર રહીને પણ, હું ચૈતન્ય પ્રદેશો ઉપર જ સ્થિત રહું છું. હું દેહ રૂપી રાખની દીવાલનો પાડોશી ચૈતન્ય પરમાત્મા છું. હું પોતાના ચૈતન્ય મહેલની જ્ઞાનની બારીમાંથી મારી પાડોશી રાખની દીવાલને માત્ર જાણું છું, માત્ર દેખું છું. રાખની દીવાલના માતા, પિતા, ભાઈ, બહેન, પુત્ર, પુત્રી, પરિવાર જન અતિ અતિ દૂરવર્તી છે. ધનનો પડેલો ઢગલો ધૂળની દીવાલ, ભૌતિક મહેલ માટીની દીવાલ, શરીર રાખની દીવાલ અને સાંસારિક સંબંધો કાંચની દીવાલ છે. આ દીવાલોથી બનેલો સંસાર રૂપી હવામહેલ પોતાપણું કરવા યોગ્ય નથી. ચૈતન્ય રસના ઘન પિંડમાં પર દ્રવ્ય તો દૂર, પરભાવને પણ પ્રવેશ કરવા માટે ખાલી જગ્યા નથી. પ્રશંસા કરનાર વ્યકિતની વાણી અને નિંદા કરનાર વ્યક્તિની વાણી તો દૂર, વાણીના વિકલ્પ પણ મારામાં પ્રવેશ કરી શકતા નથી. જ્ઞાન જાણે છે, તે ઝુકતું નથી અને રાગ ઝુકે છે, તે જાણતો નથી. રાગ વગેરે વિકલ્પ રૂપી વૈતરણી અધોલોકમાં વહે છે, ચૈતન્ય મધ્યલોકમાં જ્ઞાનની ગંગા જ વહે છે. ચૈતન્ય સત્તા પોતે રાગ વગેરે વિકલ્પ તથા શરીરની ક્રિયા કરવા જતી નથી, તેથી રાગ વગેરે વિકલ્પ તથા દેહની ક્રિયાની  કર્તા નથી. હું ચૈતન્ય સત્તા માત્ર છું.

જો બાળપણથી કોઈએ મને એમ ન કહ્યું હોત કે હું જૈન છું કે હું હિન્દુ છું, તો પણ મારૂં અસ્તિત્વ હોત કે નહીં? આ જ મારૂં અસલી સ્વરૂપ છે. હું મિથ્યાજ્ઞાની પણ નથી, સમ્યગ્જ્ઞાની પણ નથી. હું શિષ્ય પણ નથી, ગુરુ પણ નથી. હું ગૃહસ્થ પણ નથી, મુનિ પણ નથી. હું સંસારી પણ નથી, મુક્ત પણ નથી. હું ચૈતન્ય સત્તા માત્ર શુદ્ધ આત્મા જ છું. પત્ની આંગણા સુધી, સમાજ સ્મશાન સુધી, પુત્ર અગ્નિદાહ સુધી અને શુભ અને અશુભ કર્મ ભવ ભવાંતર સુધી સાથ આપશે, પરમ પારિણામિક ભાવ જ મારી સાથે અનાદિ અનંત રહે છે, હું સ્વયં પરમ પારિણામિક ભાવ સ્વરૂપ છું. અનાદિ કાળથી પાણી વડે દીપક પ્રગટાવવા ઈચ્છયો, પણ પ્રગટી ન શક્યો. ઈન્દ્રિય વિષય ભોગો વડે સુખ મળી ન શક્યું. પ્રતિકૂળતામાં પરમાત્માની યાદ આવે છે, જો અનુકૂળતામાં પણ ખાલીપણાનો અહેસાસ થાય, તો એ ખાલી સ્થાનમાં પરમાત્માનો વાસ થઈ શકે છે. ત્રણ લોકની સંપદાના સંયોગ અને વિયોગમાં પણ હું ચૈતન્ય સત્તા માત્ર પરિપૂર્ણ પરમાત્મા છું. હું માંસ નથી, હાડકું નથી, લોહી નથી, ચામડી નથી. માંસ, હાડકું, લોહી, ચામડી વગેરે પદાર્થોનો પિંડ શરીર હું નથી. કર્મના ઉદયથી નાચવા વાળી દેહ રૂપી કઠપુતળી હું નથી, પણ કર્મના ઉદયથી નાચવા વાળી દેહ રૂપી કઠપુતળીને જાણવા દેખવા વાળો શુદ્ધ આત્મા છું. બિમારીમાં રાખની દીવાલમાંથી ભલે ને લાવારસ વહેતો હોય, શુદ્ધ આત્મામાં તો જ્ઞાન રસ જ ઝરે છે. પેટમાં ભોજન ન હોય તો ઊલટી થતી નથી, ઝાડા થતા નથી, કબજીયાત થતો નથી. કેવી હશે એ દશા, જ્યારે સિદ્ધ અવસ્થામાં પેટ નહીં, પણ આધિ, વ્યાધિ, ઉપાધિનું નિમિત્ત શરીર જ નહીં રહે? સિદ્ધ અવસ્થાથી પણ મહાન હું ત્રિકાલ સિદ્ધ પરમાત્મા છું. હું દેહ પ્રમાણ નથી, જ્ઞાન પ્રમાણ છું. આત્માની અનુભૂતિની પર્યાયમાં પણ પ્રવેશ ન કરવા વાળું શુદ્ધ આત્મ દ્રવ્ય, આ જ હું છું. હું ધ્યાન કરવા વાળુ તત્ત્વ નથી, પણ ધ્યાનનું ધ્યેય ચૈતન્ય તત્ત્વ છું. જ્ઞેયો વડે જ્ઞાન થતું નથી, ઈન્દ્રિયો વડે જ્ઞાન થતું નથી, જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ વડે જ્ઞાન થતું નથી, વિકલ્પ વડે જ્ઞાન થતું નથી, જ્ઞાનની તે સમયની પર્યાયની યોગ્યતાથી જ્ઞાન થાય છે, જ્ઞાનની અવસ્થામાં જ્ઞાન જ છે, જ્ઞેય નહીં. તે જ્ઞાનની અવસ્થા રૂપે પણ હું નથી. જાણવા, જાણવા, જાણવા રૂપ પ્રવાહમાં વ્યાપ્ત સામાન્ય, અખંડ, એક, અભેદ ભગવાન આત્મા, આ જ હું છું. આનંદથી પરિપૂર્ણ ચૈતન્યના પ્રદેશો જ્યાં છે, દુઃખના પ્રદેશ ત્યાં નથી. હું આનંદ ભવનમાં બિરાજમાન રહીને પરિણમિત થઈ રહેલા જગતને માત્ર જાણું છું. હું ત્રણેય કાળમાં ટકીને રહેનાર પોતે આનંદ ભવન જ છું. હું ત્રિકાળ પ્રજ્વલિત જ્ઞાન દીપક જ છું.

🙏 ૐ- ૐ -ૐ 🙏